પેજ3

## નીતા અંબાણીનું 17 કરોડ રૂપિયાનું પર્સ



મુંબઈ, તા. 14: નીતા અંબાણીએ મનીષ મલ્હોત્રાની દિવાળી પાર્ટીમાં પ્રવેશતાંની સાથે જ સૌનું ધ્યાન ખેંચી લીધું. તેમણે મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઇન કરાયેલ ચાંદીની સિક્વિન સાડી પહેરી હતી અને વિશ્વનું સૌથી મોંઘુ હર્મીસ મિની પર્સ પહેર્યું હતું, જેની કિંમત કરોડો રૂપિયા છે. નીતા અંબાણીના હાથમાં જે પર્સ હતું તે હર્મીસનું સૌથી મૂલ્યવાન અને દુર્લભ મિની પર્સ છે. આ પર્સને સેક બિજોઉ બિર્કિન તરીકે ઓળખવામાં આવે છે. આ પર્સની કિંમત આશરે ૧૭ કરોડ રૂપિયા છે અને તેમાં ૨,૭૧૨ હીરા જડવામાં આવ્યા છે. નીતા અંબાણીનું પર્સ ગુલાબી સોનામાંથી બનાવવામાં આવ્યું છે. હર્મીસ ફાઇન જ્વેલરીના ક્રીએટિવ ડિરેક્ટર પિયર હાર્ડી દ્વારા ડિઝાઇન કરાયેલ આ પર્સ ૨૦૧૨માં ફ્રેન્ચ લક્ઝરી બ્રાન્ડના હૌટ બિજ્યુટેરી કલેક્શનનો ભાગ હતું.

## કરિશ્માનાં સંતાનોએ સંજયનું વસિયતનામું બનાવટી હોવાનો દાવો કર્યો



મુંબઈ, તા. 14: સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ અને બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂરના પૂર્વ પતિની 30,000 કરોડ રૂપિયાની સંપત્તિ અંગે ચાલી રહેલા વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. હકીકતમાં દિલ્હી હાઈકોર્ટમાં તાજેતરમાં થયેલી સુનાવણીમાં અભિનેત્રીના વકીલે દાવો કર્યો હતો કે, તેમના વસિયતનામામાં અસંખ્ય ભૂલો છે, જેનાથી તેની અધિકૃતતા પર સવાલો ઊભા થાય છે. એટલું જ નહીં, તેમણે વસિયતનામાને બનાવટી જાહેર કરીને બધાને ચોંકાવી દીધા હતા. કરિશ્મા કપૂરનાં બાળકો સમાયરા અને કિયાન વતી વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણી કોર્ટમાં હાજર રહ્યા હતા અને દલીલ કરી હતી કે, વસિયતનામું ખોટું છે અને કરિશ્મા અને સંજયનાં બાળકોને મિલકતમાંથી બેદખલ કરવા માટે આ બનાવવામાં આવ્યું હતું.

## અમિતાભ બચ્ચનનો દોહિત્ર અગસ્ત્ય નંદા મોટા પડદા પર ડેબ્યુ કરશે



મુંબઈ, તા. 14: અમિતાભ બચ્ચનનો દોહિત્ર અગસ્ત્ય નંદાએ ઝોયા અખ્તરની ફિલ્મ 'ધ આર્ચીઝ'થી ડિજિટલ ડેબ્યુ કર્યું હતું અને હવે બે વર્ષ બાદ તે મોટા પડદા પર ડેબ્યુ કરવા માટે તૈયાર છે. તેના ઓટીટી ડેબ્યુ માટે તેને પ્રશંસા મળી રહી છે અને હવે તે મોટા પડદા પર દિલ જીતવા માટે તૈયાર છે. ફિલ્મનો ફર્સ્ટ લુક બહાર આવ્યો છે. શ્રીરામ રાઘવન દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'ઇક્કીસ'નો ફર્સ્ટ લુક નિર્માતાઓએ રિલીઝ કર્યો છે. ફિલ્મની રિલીઝ તારીખ પણ જાહેર કરવામાં આવી છે. મેડોક ફિલ્મ્સે તેના ઇન્સ્ટાગ્રામ પેજ પર ફિલ્મમાંથી અગત્સ્યનો લુક શેર કર્યો હતો.

# ગાઝા શાંતિ સમિટમાં મેલોની પોતાની આગવી અદાઓથી છવાઈ ગયા

**નમસ્તે** સાથે ટ્રમ્પનું સ્વાગત કર્યું, ધુમ્રપાન છોડવાની સલાહ આપનાર એર્દોગનને રૂક્ષ જવાબ આપ્યો, શાહબાઝ દ્વારા ટ્રમ્પની ખુશામત પર હસ્યા



શર્મ અલ શેખ, તા. ૧૪: ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની એક સતત ચર્ચાઓમાં રહેતા નેતા છે. તેઓ ઘણા આંતરરાષ્ટ્રીય મંચો પર ધ્યાનાકર્ષક બની રહે છે, ફક્ત પોતાના સૌંદર્યને કારણે જ નહીં, પણ આગવી એ વિચિત્ર અદાઓ અને વર્તણૂકને કારણે પણ. હાલ ઈજિપ્તના આ વિશ્વ પ્રસિદ્ધ રિસોર્ટમાં જ્યારે ગાઝા શાંતિ શિખર સંમેલન યોજાયું ત્યારે વિશ્વભરના નેતાઓ ભેગા થયા હતા ત્યારે મેલોની જુદા તરી આવ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારે વિચિત્ર પ્રશંસા કરી ત્યારે તે બેફિકર જણાયા, જ્યારે પાકિસ્તાની વડા પ્રધાને અમેરિકન પ્રમુખની પ્રશંસા કરી ત્યારે તે સ્તબ્ધ જણાયા, અને જ્યારે તુર્કીના રાષ્ટ્રપતિએ તેમને ધૂમ્રપાન બંધ કરવાનું કહ્યું ત્યારે તેણીએ રૂક્ષ જવાબ આપ્યો. ગાઝા શાંતિ સમિટ માટે ઈજિપ્તમાં ભેગા થયેલા કેટલાક ટોચના વિશ્વ નેતાઓ હોવા છતાં, તે ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની હતા જેમણે તેમના અસામાન્ય ચહેરાના હાવભાવ અને વાયરલ પ્રતિક્રિયાઓથી શો ચોરી લીધો. ઈટાલીના વડા પ્રધાને જ્યારે પરંપરાગત ભારતીય 'નમસ્તે' સાથે અમેરિકન રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું ત્યારે તેઓ ધ્યાન ખેંચી ગયા. ત્યારબાદ ટ્રમ્પે મેલોનીની વિચિત્ર પ્રશંસા કરી. આપણી પાસે એક મહિલા છે, એક યુવતી જે... મને તે કહેવાની મંજૂરી નથી કારણ કે સામાન્ય રીતે જો તમે તે કહો છો તો તે તમારી રાજકીય કારકિર્દીનો અંત છે: તે એક સુંદર યુવતી છે એમ ટ્રમ્પે કહ્યું. જો કે મેલોની પ્રભાવિત કે નારાજ થયા વિના સ્થિર રહ્યા. ઉલ્લેખનીય છે કે શર્મ અલ-શેખ સમિટમાં સ્ટેજ પર ભેગા થયેલા 30 વિશ્વ નેતાઓમાં 48 વર્ષીય મેલોની એકમાત્ર મહિલા હતી. મેલોનીની બીજી એક વાયરલ ક્ષણ બન્યો જ્યારે તે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનના તમાકુ વિરોધી ધર્મયુદ્ધનું નવું લક્ષ્ય બની. મેં તમને વિમાનમાંથી નીચે આવતા જોયા. તમે ખૂબ સારા દેખાશો. પણ મારે તમારુ ધૂમ્રપાન બંધ કરાવવું પડશે એમ એર્દોગનને વાયરલ થયેલા એક વીડિયોમાં કહેતા સાંભળવામાં આવ્યા હતા. જો કે ઈટાલિયન નેતાએ ચેતવણી આપી કે ધૂમ્રપાન છોડવાથી તેણી ઓછી મિલનસાર બની શકે છે. આટલું જ નહીં. કદાચ સૌથી નોંધપાત્ર ક્ષણ ત્યારે આવી જ્યારે પાકિસ્તાનના શાહબાઝ શરીફ ભારત સાથેના યુદ્ધને રોકવા બદલ ટ્રમ્પના અહંકારને પોષી રહ્યા હતા. જેમ જેમ ખુશામત ચાલુ રહી, મેલોનીની પ્રતિક્રિયાઓ અમૂલ્ય હતી. શરૂઆતમાં તેણી સહજ રીતે પોતાનું મોં ઢાંકતા જોવા મળ્યા જાણે શરીફ પર હસી રહ્યા હોય.

## ટ્રમ્પે કહ્યું: એવા કેટલાક નેતાઓ છે જે મને બિલકુલ ગમતા નથી!

**અમેરિકી** પ્રમુખે સાથે એમ પણ કહ્યું કે આ નેતાઓના નામ પોતે જાહેર કરશે નહીં

શર્મ અલ શેખ, તા. ૧૪: અહીં મળેલ ગાઝા શાંતિ સમિટમાં પ્રવચન કરતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે એવા કેટલાક નેતાઓ જે મને બિલકુલ ગમતા નથી. જો કે તે સાથે જ તેમણે એમ પણ જણાવી દીધું કે પોતે આવા નેતાઓના નામ જાહેર કરશે નહીં. ભાષણ દરમિયાન, શ્રી ટ્રમ્પે શિખર સંમેલનમાં હાજર રહેલા દેશોની યાદી વાંચી સંભળાવી અને મધ્ય પૂર્વમાં શાંતિ માટે અથવા અન્ય વિવિધ આંતરરાષ્ટ્રીય સંઘર્ષોમાં તેમના કાર્ય માટે તેમાંથી ઘણા દેશોની પ્રશંસા કરી. અમેરિકી નેતાએ તે નેતાઓ માટે મોટે ભાગે ઉષ્માભર્યા ભાષણો અને પ્રશંસા કરી, સર કીર સ્ટાર્મરને 'તેમના મિત્ર' તરીકે પણ ઉલ્લેખ કર્યો. જો કે ટ્રમ્પે ભીડને એમ પણ કહ્યું કે 'થોડા' રાષ્ટ્રના વડાઓ એવા હતા જેમને તેમને 'બિલકુલ ગમતા નથી. શરૂઆતમાં જાહેર કર્યા પછી કે તેઓ ક્યારેય તેઓ કોણ છે તે જાહેર કરશે નહીં, રાષ્ટ્રપતિએ 'કદાચ તમે હોઈ શકો' એમ કહીને સ્ટારમરને ચીડવવાવનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું: 'હું તમારામાંથી ઘણાને ઘણા સમયથી ઓળખું છું. તમે મારા મિત્રો છો, તમે મહાન લોકો છો. જો કે એક નેતા એવા હતા જેમના વખાણ ટ્રમ્પે કર્યા નહીં અને તે હતા નોર્વેના પ્રમુખ જોનાસ સ્ટ્રે. કદાચ નોબેલની નોર્વેજિયન સમિતિએ ટ્રમ્પને એવોર્ડ આપ્યો નહીં તેથી આમ થયું હશે!

## ટ્રમ્પે બ્રિટિશ વડાપ્રધાન કેર સ્ટારમરનું દેખીતું અપમાન કર્યું

**સ્ટારમરને** ટ્રમ્પે મંચ પર આગળ બોલાવ્યા પણ તેમને ત્યાં એમ જ ઉભા રાખીને પોતાનું પ્રવચન ચાલુ રાખ્યું

શર્મ અલ શેખ, તા. ૧૪: ગાઝા શાંતિ સમિટના મંચ પર બ્રિટિશ વડાપ્રધાન સર કેર સ્ટારમરે જે અપમાનભરી ક્ષણોનો સામનો કરવો પડ્યો તે કદાચ તેઓ જીવનભર ભૂલી શકશે નહીં. જ્યારે ટ્રમ્પ મંચ પર આવ્યા અને ભાષણ આપવા લાગ્યા ત્યારે વડાપ્રધાન સ્ટારમર તેમની પાછળ ઉભા રહી ગયા. ભાષણ દરમ્યાન ટ્રમ્પે વારાફરતી અનેક દેશોના નામ લીધા અને જ્યારે કહ્યું કે યુકે ક્યાં છે, ત્યારે સ્ટારમરે વિચિત્ર રીતે હાથ ઉંચો કરીને કહ્યું કે તમારી પાછળ, કાયમની જેમ! ટ્રમ્પે તેમને આગળ બોલાવ્યા. સ્ટારમરને લાગ્યું હશે કે ટ્રમ્પ હવે પોતાને પ્રવચન કરવા કહેશે, પણ તેના બદલે ટ્રમ્પે પોતાનું જ ભાષણ ચાલુ રાખ્યું અને સ્ટારમરે અપમાનજનક રીતે ત્યાં ઉભા રહેવું પડ્યું. આ બધું જોઈને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની જાણે રમૂજ માણી રહ્યા હોય તે રીતે હસી રહ્યા હતા. બાદમાં સ્ટારમરે બાજી સુધારવાનો પ્રયાસ કર્યો, જ્યારે તેમણે પોતે ટ્રમ્પ સાથે હાથ મેળવતા હોય તે ફોટો ઓનલાઈન મૂક્યો અને એક્સ પર લખ્યું કે 'પ્રમુખ ટ્રમ્પ, આ તમારી સિદ્ધિ છે. આ ક્ષણને પૂર્ણ કરવા માટે તમારા અથાક પ્રયાસો બદલ હું તમારો આભાર માનું છું. યુકે શાંતિ યોજનાના સંપૂર્ણ અમલીકરણને સમર્થન આપવા તૈયાર છે,'

# બ્રિટને વિઝા અરજદારો માટે વધુ કડક અંગ્રેજી ભાષા ટેસ્ટ રજૂ કરી

**સ્થળાંતર** કરનારાઓ માટે આપણી ભાષા શીખ્યા વિના અહીં આવવું અસ્વીકાર્ય છે: બ્રિટનના ગૃહ સચિવ

**દેશમાં** વધી રહેલા ઇમિગ્રેશન પર વ્યાપક કાર્યવાહીના ભાગ રૂપે આ પગલું લેવાયું

**8 જાન્યુઆરી**, 2026થી આ ટેસ્ટ અમલમાં આવશે

લંડન, તા. 14 (પીટીઆઈ): બ્રિટન સરકારે મંગળવારે સંસદમાં વિઝા અરજદારો માટે કડક અંગ્રેજી ભાષા ટેસ્ટની આવશ્યકતાઓ રજૂ કરી જેમાં અન્ય દેશોની સાથે ભારત પણ સામેલ છે, જે દેશમાં વધી રહેલા ઈમિગ્રેશન પર વ્યાપક કાર્યવાહીના ભાગ રૂપે છે.

નવી 'સિક્યોર ઈંગ્લિશ લેન્ગ્વેજ ટેસ્ટ' ગૃહ મંત્રાલય દ્વારા માન્ય પ્રદાતા દ્વારા હાથ ધરવામાં આવશે, અને 8 જાન્યુઆરી, 2026થી તમામ કુશળ કામદારો માટે વિઝા અરજી પ્રક્રિયાના ભાગ રૂપે પરિણામો ચકાસવામાં આવશે.

અરજદારનું અંગ્રેજી બોલવાનું, સાંભળવાનું, વાંચવાનું અને લખવાનું ધોરણ એ-લેવલ અથવા વર્ગ 12, જેને સ્તર બી2 તરીકે ઓળખવામાં આવે છે તેને સમકક્ષ હોવું જોઈએ, જે ગૃહ મંત્રાલય માને છે કે અરજદારો 'બ્રિટનમાં જીવનમાં વધુ સારી રીતે એકીકૃત થવા માટે સક્ષમ' છે તેની ખાતરી કરશે.

'આ દેશે હંમેશા એવા લોકોનું સ્વાગત કર્યું છે જેઓ આ દેશમાં આવે છે અને યોગદાન આપે છે, પરંતુ સ્થળાંતર કરનારાઓ માટે આપણી ભાષા શીખ્યા વિના અહીં આવવું અસ્વીકાર્ય છે, જે આપણા રાષ્ટ્રીય જીવનમાં યોગદાન આપી શકતા નથી', એમ બ્રિટનના ગૃહ સચિવ શબાના મહમૂદે જણાવ્યું હતું.

'જો તમે આ દેશમાં આવો છો, તો તમારે અમારી ભાષા શીખવી પડશે અને તમારી ભૂમિકા ભજવવી પડશે', એમ તેમણે કહ્યું.

આ અઠવાડિયે હાઉસ ઓફ કોમન્સમાં રજૂ કરાયેલા આ પગલાં મે મહિનાથી બ્રિટિશ સરકારના 'ઈમિગ્રેશન શ્વેતપત્ર'નો ભાગ છે, જે વિઝા પદ્ધતિને કડક બનાવવા માટે રચાયેલ છે.

કાયદામાં અન્ય ફેરફારોમાં, ભારતીય વિદ્યાર્થીઓમાં લોકપ્રિય, ગ્રેજ્યુએટ રૂટ વિઝા હેઠળ અભ્યાસ પૂર્ણ કર્યા પછી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ગ્રેજ્યુએટ-સ્તરની નોકરી શોધવાનો સમય, 1 જાન્યુઆરી, 2027થી વર્તમાન બે વર્ષથી ઘટાડીને 18 મહિના કરવામાં આવશે. જો કે, આ વર્ષની શરૂઆતમાં કરવામાં આવેલી જાહેરાતના ભાગ રૂપે, પીએચડી-સ્તરના સ્નાતકો ત્રણ વર્ષની મંજૂરીને પાત્ર રહેશે.

- વેચવાની છે -
૩૦૮ વાર જુની મીલકત,
સંઘવી હોસ્પીટલ સામે,
સેન્ટર પોઈન્ટ, રીંગરોડ
પાછળ, સગરામપુરા સુરત,
ચોખ્ખા ટાઈટલ,
પ્રત્યક્ષ કબજો,
આગળ-પાછળ નિકાલ,
જુની સીટી લીમીટમાં,
૨૫'ના રોડ પર,
૪૩' પહોળાઈ,
સુંદર પ્લાનીંગ થઈ શકે તેવી.
મો.નં. ૯૯૦૪૪૨૨૬૬૧




